| | | |
|---|---|---|
| રજુ કર્યા તારીખ | : | ર૬–૧૦–ર૦ર૧ |
| દાખલ તારીખ | : | ર૬–૧૦–ર૦ર૧ |
| ફૈંસલ તારીખ | : | ર૪–૦૫–ર૦ર૩ |
| અવધી : વર્ષ, માસ, દિવસ | | |

**ભાવનગરનાં ૭માં એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**

**મુકામ:–ભાવનગર.**

**ફોજદારી કેસ નં.રપર/ર૦રર**
આંક :ર૫

ફરિયાદી : શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ કંપની લી.
શ્રી અશોકભાઈ ગિરજાશંકર ભટ્ટ તે કંપની વતી
ઓથોરાઈઝડ પર્સન તરીકે,
ઉ.વ.૩ર, ધર્મે–હિન્દુ,ધંધો–નોકરી,
ઠે–૧૦૧, પ્રથમ માળ, કોર્પોરેટર સેન્ટર, દક્ષિણા મૃર્તિ
સ્કુલ સામે, વાઘાવાડી રોડ, ભાવનગર

**વિરૂઘ્ધ:–**

આરોપી : મિલનસિંહ કેશુભા જાડેજા,
ઉ.વ.પુખ્ત, ધર્મે:હિન્દુ,
ઠે.પ્લોટ નં–૧૧૦ ડી, લાખવડ,સુભાષનગર,
ઘોઘા જકાતનાકા,જી.ભાવનગર.

**ગુન્હો : ધી નેગો. ઈન્સ્ટ્રુ.એકટની ક.–૧૩૮ મુજબ**

ફરીયાદી તરફે વિ.વ.શ્રી એચ.એમ.કુકડીયા
આરોપી તરફે વિ. વ.શ્રી એન.એમ.વેગડ

**–:: ઠરાવ ::–**

(૧) આ કામની ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપની લી. કે જેઓ મુખ્યત્વે ઈન્વેસ્ટમેન્ટ તથા

ફાઈનાન્સનો વ્યવસાય કરે છે અને અન્ય ધિરાણ કરે છે અને આ કામે શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ કંપની લી. મા કલેકશન મેનેજર દરજ્જે ફરજ બજાવતા હોય કંપની વતી નામદાર કોર્ટમાં ફરીયાદ દાખલ કરવા સત્તા અને અધિકાર આપવામા આવેલ છે. ફરીયાદી શ્રી રામ ફાઈનાન્સ કંપની લી. પાસેથી આ કામના આરોપીએ વાહન ASHOK LAYLAND રજી.નં.જી.જે.૦૬.વી.વી.૯૨૭૯ ખરીદવા એગ્રીમેન્ટ નંબર-BHAV2T807260002 થી રૂ.૬,૫૦,૦૦૦/-(છ લાખ પચાસ હજાર પુરા) ની લોન લીધેલ. સદરહુ એગ્રીમેન્ટ મુજબ લોનની રકમ માસિક રૂ.૩૪,૩૬૬/- ના ૨૫ હપ્તાથી ભરપાઈ કરવાની હતી. તે પૈકી આરોપીએ રુા.૬,૫૦,૦૦૦/- નો તથા રુા.૨,૭૬,૪૩૪/- ના ચેક ધ ફેડરલ બેંક લી. ભાવનગર શાખાનો અનુક્રમે તા.૨૯-૦૮-૨૦૨૧ તથા તા.૦૧-૦૯-૨૦૨૧ ના આપેલ તેમજ ચેક આપતા સમયે વચન અને વિશ્વાસ આપેલ કે આ ચેક તમારા ખાતામાં જમા કરાવશો એટલે તમારી લેણી રકમ જમા થઈ જશે. ફરીયાદીએ સદર ચેક નં.૦૪૬૬૬૧ રુા.૬,૫૦,૦૦૦/-તથા ચેક નં-૦૪૬૬૬૨ રૂ.૨,૭૬,૪૩૪/- નો અનુક્રમે તા.૧-૯-૨૦૨૧ ના રોજ તથા તા.૦૪-૦૯-૨૦૨૧ ના રોજ તેમના એક્ષીસ બેન્ક, ભાવનગરમાં જમા કરાવતા સદર ચેક નં.૦૪૬૬૬૧ તા.૦૨-૦૯-૨૦૨૧ તથા ચેક નં-૦૪૬૬૬૨ તા.૦૬-૦૯-૨૦૨૧ નારોજ ''અપુરતા નાંણા ભંડોળના'' ના શેરા સાથે પરત ફરેલ છે. જેથી ફરીયાદીએ વકીલશ્રી ધ્વારા તા.૧૮-૦૯-૨૦૨૧ નારોજની નોટીસ રજી.એ.ડી.થી મોકલેલ, જે નોટીસ આરોપીને તા.૨૧-૦૯-૨૦૨૧ નારોજ મળી ગયેલ છે. આમ, આરોપીએ ફરીયાદીની ચેક મુજબની રકમ નિયત સમય મર્યાદામા ચુકવી આપવા કોઈ દરકાર કરેલ નથી, તેથી ફરીયાદી ધ્વારા વટાવખત અધિનીયમ-૧૮૮૧ ની (ટુંકમા

અધિનીયમ)કલમ–૧૩૮ મુજબ ના ગુનાની ખાનગી ફરીયાદ અત્રેની અદાલતમા તહોમતદાર વિરુધ્ધ દાખલ કરેલ છે.

(૨) ઉપરોકત હકીકતો મુજબ ફરીયાદ દાખલ થતા ગુનાનું સંજ્ઞાન લઈને આંક–૧ તળે ફરીયાદ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવાનુ તેમજ ફોજદારી કાર્યરીતી સંહીતા ૧૯૭૩ ની કલમ–૨૦૪ મુજબ અધિનીયમની કલમ–૧૩૮ મુજબના ગુનાનો આરોપી વિરુધ્ધ સમન્સ કાઢવાનો હુકમ કરવામા આવેલ હતો. આરોપીને સમન્સની બજવણી થતા તેઓ કોર્ટમા હાજર થયેલા અને ફરીયાદની નકલ આરોપીને મળ્યાની ખાતરી કરી, ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૨૫૧ મુજબ આરોપીની પ્લી નોંધેલ. આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ હતી.

(૩) ફરીયાદ પક્ષે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

**<u>ફરિયાદપક્ષે રજૂ થયેલ મૌખિક પુરાવો.</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી અશોકભાઈ ગિરજાશંકર ભટ્ટનું સરતપાસનું સોગંદનામુ | **૧૨** |

**<u>ફરિયાદપક્ષે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવો.</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી કંપનીને આપેલ ચેક નં–૦૪૬૬૬૧ | ૧૪ |
| ૨ | સદર ચેક રીટર્ન થયા અંગેનો રીટર્ન મેમો | ૧૫ |
| ૩ | ફરીયાદી કંપનીને આપેલ ચેક નં–૦૪૬૬૬૨ | ૧૬ |
| ૪ | ચેક પરત ફર્યા અંગેનો બેન્કનો રીટર્ન મેમો | ૧૭ |
| ૫ | આરોપીને આપેલ કાનુની નોટીસ | ૧૮ |
| ૬ | પોસ્ટની રજી.એ.ડી.કર્યા અંગેની મની સ્લીપ | ૧૯ |
| ૭ | આરોપીને નોટીસ મળ્યા બદલની એકનોઝમેન્ટ | ૨૦ |

| | | |
|---|---|---|
| ૮ | કુલમુખત્યારનામુ | ૨૧ |
| ૯ | આરોપીના ખાતાનુ સ્ટેટમેન્ટ | ૨૨ |

ત્યારબાદ કેસ ફરીયાદીની ઉલટતપાસ માટે રહેલ છે પરંતુ આરોપી તર્ફે કોઈ હાજર રહેતુ ન હોય, તા.૧૬–૦૩–૨૦૨૩ ના રોજ આરોપી તરફે ફરીયાદીની ઉલટતપાસનો હકક બંધ કરવામા આવેલ છે.

(૪) ઉપરોકત પુરાવો પુરો થયા બાદ ફરીયાદ પક્ષે વધુ પુરાવો રજુ ન કરવો હોય તે મુજબની આંક–૨૪ વાળી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૫) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતા, આરોપી નામ.કોર્ટ સમક્ષ હાજર રહેતા ન હોય તેમજ તેઓના વિશેષ નિવેદનના તબકકે પણ પોકાર કરાવતા હાજર નથી તેમજ કોર્ટ સમય સુધી રાહ જોતા હાજર થયેલ નથી, જેથી ફરીયાદ પક્ષના પુરાવામાં આવતી આરોપીને વિરુધ્ધની દરેક હકીકત સબંધે ફોજદારી કાર્યરીતી સંહીતા કલમ–૩૧૩ મુજબ આરોપીના વિશેષ નિવેદનનો હકક તા.૨૭–૦૩–૨૦૨૩ નારોજ બંધ કરવામાં આવેલ છે.

(૬) ફરીયાદીના વિ.વ.શ્રીની દલીલો સાંભળી.ફરીયાદી તરફે વિ.વ.શ્રી તેમની દલીલમા જણાવે છે કે, તેઓને આ કામે આંક–૧૪ તથા આંક–૧૬ વાળા ચેક નં.૦૪૬૬૬૧ તથા ચેક નં–૦૪૬૬૬૨ આરોપી ધ્વારા આપેલ જે ચેક પરત ફરતા તે ચેક સાથેનો રીટર્ન મેમો આંક–૧૫ તથા આંક–૧૭ થી  રજુ કરેલ છે તેથી ફરીયાદીએ આરોપીને આંક–૧૮ વાળી નોટીસ આપેલી, તે નોટીસ આર.પી.એ.ડી. કર્યાની પાવતી આંક–૧૯ તથા આરોપીને નોટીસ મળ્યાની એકનોઝમેન્ટ આંક–૨૦, કુલમુખત્યારનામુ આંક–૨૧ થી તથા આરોપીના ખાતાનુ સ્ટેટમેન્ટ આંક–૨૨ થી રજુ કરેલ છે. ફરીયાદી તરફે જે પુરાવો રજુ થયેલ છે તેનુ આરોપી ખંડન કરી શકેલ નથી કે કોઈ જગ્યાએ સહીની તકરાર નથી, આરોપીએ નોટીસનો જવાબ આપેલ નથી. વધુમાં, દલીલ કરેલ છે કે, આ કામે

આંક–૨૨ વાળુ બેન્ક સ્ટેટમેન્ટ ધ્યાને લેતા, આરોપીએ, ફરીયાદી પાસેથી રૂા.૬,૫૦,૦૦૦/–ની રકમ અશોક લેયલેન્ડ રજી.નં–જી.જે.૦૬.વી.વી.૯૨૭૯ ખરીદવા એગ્રીમેન્ટ નં-BHAV2T807 260002 થી લીધેલ હોવાનુ રેકર્ડ જોતા જણાય આવે છે. આરોપીએ કોઈ પુરાવો રજુ કરેલ નથી કે તેઓએ ફરીયાદીને કોઈ રકમ રોકડેથી કે ચેકથી ચુકતે કરેલ હોય અને તેમના સમર્થનમાં કોઈ પહોંચ પણ રજુ કરેલ નથી ત્યારે ફરીયાદ પક્ષ તેનો કેસ સાબીત કરવામાં સફળ થયેલ હોઈ, ફરીયાદી તરફે રજુ નામ.હાઈકોર્ટ તથા સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લઈ, આરોપીને કાયદા મુજબ સજા કરવા અરજ કરેલ છે.

દલીલના તબકકે આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર નથી. તેઓને દલીલ માટે પુરતી તક આપવામાં આવેલ છે તેમછતાં નામ.કોર્ટમાં હાજર રહી દલીલ કરવા હાજર રહેતા ન હોય, તેઓનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૭) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શુ ફરીયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર રહીને એ હકીકત પુરવાર કરે છે કે, આરોપી ધ્વારા ફરીયાદીનું કાયદેસરનું લેણુ ચુકવવા ફરીયાદીની તરફેણમાં તેઓની ધ ફેડરલ બેંક લી.ભાવનગર શાખાના ચેક નં.૦૪૬૬૬૧ તા.૨૯–૦૮–૨૦૨૧ નો રૂા.૬,૫૦,૦૦૦– તથા ચેક નં–૦૪૬૬૬૨ તા.૦૧–૦૯–૨૦૨૧ નો રૂ.૨,૭૬,૪૩૪/– નો આપેલ જે ફરીયાદીએ પોતાની બેન્કમા જમા કરાવતા સદર ચેકો અનુક્ર મે તા.૦૨–૦૯–૨૧ તથા તા.૦૬–૦૯–૨૦૨૧ નારોજ ''અપુરતા નાંણા ભંડોળ'' ના શેરા સાથે પરત ફરેલ જેની ફરીયાદીએ આરોપીને તેમના વકીલ મારફતે તા.૧૮–૦૯–૨૦૨૧ નારોજ નોટીસ આપેલ, જે નોટીસ આરોપીને તા.૨૧–૦૯–૨૦૨૧ ના રોજ મળી ગયેલ હોવા છતાં

આરોપીએ કાયદાકીય સમય મર્યાદામા ચેકના નાણાં નહી ચુકવીને અધિનીયમ કલમ–૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ

(૮) ઉપરોકત મુદ્દાઓ માટેના નિર્ણયો હવે પછી જણાવેલા કારણોને આધારે નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**–: કા ર ણો :–**

**મુદ્દા નં.૧ :–**

(૯) આ કામમાં આરોપીની સામે અધિનીયમ કલમ–૧૩૮ મુજબના ગુનાનુ તહોમત છે. આરોપી વિરુધ્ધ તહોમત પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામા આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાની સમાલોચના કરતા પહેલા, અધિનીયમની કલમ–૧૧૮, ૧૩૮, ૧૩૯ અને ૧૪૨ ના કાયદાકીય પ્રબંધો લક્ષમા લેવા જરુરી છે.

(૯.૧) અધિનીયમની કલમ–૧૩૮ મા એવી જોગવાઈ કરવામા આવેલ છે કે, ચેક લખાયાની તારીખથી છ માસ અથવા કાયદાએ માન્ય કરેલ હોય તે મુદત બે માંથી જે વહેલી હોય તે મુદતમા ચેક બેન્કમાં રજુ કરવાનો હોય છે. વધુમાં એવી પણ જોગવાઈ કરવામા આવેલ છે કે, ચેક ધારકે તે ચેક વણ ચુકવાયેલ પરત આવ્યાની બેન્ક તરફથી માહિતી મળ્યાના ૩૦ દિવસની અંદર સદર ચેક લખનારને નોટીસ આપી રકમની માંગણી કરેલી હોવી જોઈએ અને નોટીસ મળ્યાના ૧૫ દિવસમા તે રકમની ચુકવણી કરવામા ચેક લખનાર નિષ્ફળ જાય ત્યારપછી નિયત સમય મર્યાદામા ફરીયાદી ગુના સબંધે ફરીયાદ કરી શકે છે. અધિનીયમ કલમ–૧૩૯ મુજબ અન્યથા પુરવાર ન થાય તો ચેક ધારણ કરનારની તરફેણમા અદાલતે તેવુ અનુમાન કરવાનુ રહે છે કે, ચેક ધારણ

કરનારે કલમ–૧૩૮ મા દર્શાવ્યા મુજબ તેમના કોઈ દેવાના અથવા અન્ય કોઈ જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજ મુકત થવાના બદલામા તે ચેક મેળવેલ હશે.

**(૯.૨)** આમ, ફરીયાદીએ મુખ્યત્વે નીચે મુજબની હકીકત પ્રસ્થાપિત કરવી પડે.

(૧) આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણાના ચુકવણા પેટે ચેક આપેલ હતો.

(૨) આ ચેક મથાળે દર્શાવેલ તારીખથી છ માસ કે કાયદા મુજબ નિયત સમય મર્યાદા બંનેમાંથી જે વહેલા હોય તે મુદત સુધીમા રજુ કરવામા આવેલ હતો.

(૩) ચેક સ્વીકાર્યા વગર/વણ ચુકવાયેલ પરત ફરેલ હતો.

(૪) ફરીયાદીએ તેઓને ચેક પરત થયાની જાણ થયેથી દીન–૩૦ મા કાયદેસરની નોટીસ આપેલ હતી.

(૫) આરોપીએ નોટીસ મળ્યા છતા દીન–૧૫ મા પરત ફરેલ/વણ ચુકવાયેલ ચેકના નાણા ચુંકવેલ નથી અને સદર દીન–૧૫ બાદ ફરીયાદીએ એક માસમા ફરીયાદ દાખલ કરેલ છે.

**(૧૦)** આ તબકકે નામ.સર્વોચ્ચ અદાલતના નીચે જણાવેલ બે ચુકાદાઓનો ઉલ્લેખ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે કારણ કે તેમા અધિનીયમ કલમ–૧૧૮, ૧૩૮ અને ૧૩૯ ના અનુમાનો સબંધિત જોગવાઈઓનું અર્થઘટન કરવામા આવે છે અને બચાવપક્ષે સદર કાયદાકીય અનુમાનોનુ ખંડન કેવી રીતે કરવુ જોઈએ તે સબબના સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે.

**(૧૦.૧) સૌપ્રથમ સર્વોચ્ચ અદાલતનો માનનિય ત્રણ ન્યાયાધીશોની ખંડ પીઠનો રંગપ્પા વિ. શ્રીમોહન એ.આઈ.આર.–૨૦૧૦ એસ.સી.–૧૮૯૮** નો ચુકાદો લક્ષમા લેવો આ અદાલતને જરુરી જણાય છે.

આ કેસમા નામ.સર્વોચ્ચ અદાલત સમક્ષ અધિ.ક.૧૩૯ ના અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ અને તેમાં નામ.અદાલતે અધિ.ક.૧૧૮, ૧૩૮ અને ૧૩૯ ની જોગવાઈઓ ઘ્યાને લઈને ફકરા નં.૧૪ મા એવુ નોંઘેલ છે કે, " in the light of these extracts, we are in agreement with the erespondent-claimant that the presumption mandated by Section 139 of the Act does indeed include the existence of a legally enforcreable debt or liability" સદર ચુકાદામાં એવુ પણ નોંઘવામાં આવેલ છે કે, " it is a settled position that when an accused has to rebut the presumption under Section 139, the standard of proof for doing so is that of ' preponderance of probabilities'. Therefore, if the accused is able to raise a proable defence which creates doubts about the existence of a legally enforceable debt or liability, the prosecution can fail. ..."

નામ.સર્વોચ્ચ અદાલતનો અન્ય એક ચુકાદો જોઈએ તો, નામ.સર્વોચ્ચ અદાલતે **ટી. વસંથાકુમાર વિ. વિજયકુમારી ૨૦૧૫ ક્રિ.લો.જ.૨૮૫૩** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંત કે જો ચેક અને ચેક ઉપરની સહી પુરવાર થઈ જાય અને આરોપી ઘ્વારા તે બાબતે કોઈ તકરાર લેવામાં ન આવે તો કલમ–૧૩૯ નુ અનુમાન ઉપસ્થિત રહેશે.

**(૧૦.૨)** ઉપરોકત કાનુન જન્ય પ્રબંધો અને નામ.સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંતો લક્ષમા રાખી, ફરીયાદ પક્ષના પુરાવાનું મુલ્યાંકન કરવુ જરુરી છે. આ કામે આરોપી ઘ્વારા કોઈ જ પુરાવો રજુ થયેલ નથી.

**(૧૧)** આ કામે ફરીયાદીએ આંક–૧૨ થી સરતપાસ સોગંદનામુ રજુ કરેલ છે, જેમાં ફરીયાદીએ, ફરીયાદ હકીકતને સંપૂર્ણ સમર્થનકારી વિગતો જણાવેલ છે પરંતુ આરોપી કે તેમના વિ.વ.શ્રીને ઉલટતપાસ માટે પુરતી તક આપવા છતાં હાજર રહેતા નથી, જેથી તા.૧૬–૦૩–૨૦૨૩ નારોજ ઉલટતપાસનો હકક બંઘ કરવામાં આવેલ છે.

આમ, ઉપરોકત તમામ દસ્તાવેજી પુરાવાઓનો આરોપી ધ્વારા કોઈ વિરોધ કરવામા આવેલ નથી કે તેનું ખંડન થઈ શકે તેવા કોઈ દસ્તાવેજી પુરાવા રજુ થઈ શકેલ નથી, તેવા સંજોગોમા, સદરહુ તમામ અસલ દસ્તાવેજી પુરાવાઓ ફરીયાદી ધ્વારા પોતાના મૌખિક પુરાવાથી પણ તેને સાબીત કરેલ છે ત્યારે તેને નહી માનવાને કોઈ કારણ જણાતુ નથી.

**(૧૨)** સૌપ્રથમ જોઈએ તો, આ કામમાં આરોપીએ, ફરીયાદીના કાયદેસરના લેણા પેટે રુા.૬,૫૦,૦૦૦/– તથા રૂ.૨,૭૬,૪૩૪/– ના ચેકો આપેલ, જે ચેકો અનુક્રમે આંક–૧૪ તથા આંક–૧૬ થી રેકર્ડ પર રજુ છે. આરોપી તરફે આ કેસની ન્યાયિક કાર્યવાહી દરમ્યાન હાજર થઈ આ ચેક બાબતે કે તેની સહી બાબતે કોઈ તકરાર લેવામા આવેલ નથી. સદર ચેક ફરીયાદીએ તેના ખાતામાં રજુ કરતા, આરોપીનુ ખાતામા '' અપુરતા નાણાં ભંડોળ'' ના કારણે વણ ચુકવ્યે પરત આવેલ અને રીટર્ન મેમો આંક–૧૫ તથા આંક–૧૭ થી રજુ છે. ફરીયાદી તરફે આરોપીને તેમના વિ.વ.શ્રી મારફત રજી.એ.ડી.થી નોટીસ આપેલ જે નોટીસ આંક–૧૮ થી રજુ છે તથા નોટીસ રજી.એ.ડી.કર્યાની મની પાવતી આંક–૧૯ તથા આરોપીને નોટીસ મળ્યાની એકનોઝમેન્ટ છે તે આંક–૨૦ થી રજુ છે તથા કુલમુખત્યારનામુ તથા આરોપીના ખાતાનુ સ્ટેટમેન્ટ અનુક્રમે આંક–૨૧ અને આંક–૨૨ થી રજુ છે. આંક–૨૨ વાળા આરોપીના ખાતાનુ સ્ટેટમેન્ટ ધ્યાને લેતા પણ આરોપી ફરીયાદી પાસેથી રુા.૬,૫૦,૦૦૦/– ની રકમ લોનની લીધેલ હોવાનુ જણાઈ આવે છે. આરોપી ધ્વારા ફરીયાદીની નોટીસનો કોઈ જવાબ રજુ નથી. ફરીયાદીનું આંક–૧૨ વાળુ સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ છે, તેઓના સરતપાસના સોગંદનામામા તેઓ ફરીયાદની હકીકતોને વળગી રહેલ છે પરંતુ આરોપી તરફે ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ નથી એટલુ જ નહી આરોપી તરફે ફરીયાદી તરફે રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનો કોઈ વિરોધ કરવામા આવેલ નથી કે તેનું ખંડન થઈ શકે તેવા કોઈ દસ્તાવેજી પુરાવા રજુ થઈ શકેલ નથી. તેમજ આરોપીએ, રુા.૬,૫૦,૦૦૦/–

તથા રૂ.૨,૭૬,૪૩૪/– ફરીયાદીને રોકડેથી ચુકવી આપેલ છે તેવુ દર્શાવતો કોઈ આધાર પુરાવો આ કામે રજુ કરેલ નથી. આ ઉપરાંત, આરોપી સદર કેસની ન્યાયિક કાર્યવાહી દરમ્યાન સતત ગેરહાજર રહી, ફરીયાદીની ફરીયાદ હકીકતનું ખંડન થઈ શકે તે માટે કોઈ પ્રયત્ન કરવામા આવેલ નથી. આમ, આ કામના આરોપીએ, ફરીયાદીના કાયદેસરના લેણા પેટે રુા.૬,૫૦,૦૦૦/– તથા રૂ. ૨,૭૬,૪૩૪/– ના આંક–૧૪ તથા આંક–૧૬ વાળા ચેક પોતાની સહી કરી ફરીયાદીને આપેલ હોવાનુ જણાય આવે છે અને સદર ચેક ફરીયાદીએ તેઓના ખાતામા જમા કરાવતા ''અપુરતા નાંણા ભંડોળ'' ના શેરા સાથે વણચુકવ્યા પરત આવેલ છે.

ફરીયાદ પક્ષ ધ્વારા રજુ થયેલ પુરાવો તેમજ આગળ ચર્ચા કરેલ કાયદાના સિધ્ધાંતો જોવામા આવે તો, સૌ પ્રથમ ફરીયાદી ચેકનુ એકઝીકયુશન પુરવાર કરે તો તેઓની તરફેણમા કલમો ૧૧૮ અને ૧૩૯ નું અનુમાન ઉપસ્થિત થાય અને અનુમાનનું ખંડન કરવાનો બોજો આરોપીના શીરે જાય.

ઉપર ચર્ચા કર્યા મુજબ અને ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોતા, વાદગ્રસ્ત ચેકો આરોપીના ખાતાનો છે અને એકઝીકયુશન પણ પુરવાર થાય છે. ત્યારે આરોપીએ ચેકો ફરીયાદીને કાયદેસરના લોનના લેણા પેટે ચુકવવા આપેલ તેવુ કાયદાકીય અનુમાન ફરીયાદીની તરફેણમા ઉપસ્થિત થશે. ફરીયાદીની તરફેણમા ઉપસ્થિત થતા સદર કાયદાકીય અનુમાન આરોપીએ સચોટ અને સબળ પુરાવાથી ખંડન કરવાનુ રહે અને જો તેમા આરોપી નિષ્ફળ રહે તો ફરીયાદીનો કેસ પુરવાર માનવાનુ રહે.

પ્રસ્તુત કેસમા ફરીયાદીનો પુરાવો વંચાણે લેવામા આવે તો, ફરીયાદીની તરફેણમા થયેલ કલમ–૧૧૮, ૧૩૯ ના અનુમાનનું બચાવપક્ષ ખંડન કરી શકેલ નથી તેમજ આરોપી પોતાનો બચાવ પણ પુરવાર કરી શકેલ નથી. ફરીયાદીએ હાલની ફરીયાદ સમય મર્યાદામા દાખલ કરેલ છે.

આમ, ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામા આવેલ સમગ્ર પુરાવો વંચાણે લેતા, અત્રેની અદાલત એવા તારણ પર આવે છે કે, ફરીયાદી કેસની હકીકત શંકાથી પર

રહીને પુરવાર કરવામાં સફળ રહેલ છે કે, આ કામના આરોપીએ ફરીયાદીને કાયદેસરના લોનની લેણી રકમ પરત ચુકવણી માટે વાદગ્રસ્ત ચેકો આપેલ જે ફરીયાદીએ તેમના બેન્કના ખાતામાં જમા કરાવતા પરત ફરેલ અને ફરીયાદીએ તે સબબ કાયદાકીય નોટીસ આપેલ જે નોટીસ બજી જવા છતા અરોપીએ ચેકના નાણા ચુકવેલ નથી.

આથી અદાલત એવા તારણ પર આવે છે કે, આ કેસમાં આરોપી વિરુધ્ધ અધિનીયમ કલમ–૧૩૮ ના ગુનાના તમામ જરુરી તત્વો આકર્ષિત અને પુરવાર થયેલ છે અને આરોપીએ અધિનીયમની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે તે નિ:શંકપણે પુરવાર થાય છે. આથી મુદા નં.૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

(૧૩) **મુદા નં.ર :**

ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા તેમજ મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપવામા આવેલ હોય, અત્રેની અદાલત આરોપીને ધી.નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવે છે.

(૧૪) સદરહુ કેસના ચુકાદા સમયે આરોપી હાજર નથી. નામદાર ગુજરાત વડી અદાલતના **શરદ જેઠાલાલ સાવલા વિરુધ્ધ ગુજરાત સરકાર અને બીજાઓ, ૨૦૧૭(૩) જી.એલ.એચ.–૧૪૬, ના** કેસના ચુકાદામાં નામ.વડી અદાલતે ઠરાવેલ છે કે, ફોજદારી કાર્યરીતી અધિનીયમ–૧૯૭૩ ની કલમ–૩૫૩(૭) ની જોગવાઈ મુજબ આરોપીની ગેરહાજરીના કારણ માત્રથી ચુકાદો ગેરકાયદેસર થઈ જતો નથી અને આરોપીની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરી ફોજદારી કાર્યરીતી અધિનીયમ–૧૯૭૩ ની કલમ–૪૧૮(ર) અન્વયે આરોપી વિરુધ્ધ સજાનો હુકમની અમલવારી માટે કોર્ટ વોરંટ ઈસ્યુ કરી શકે છે. આમ, આરોપીની ગેરહાજરી માટે રેકર્ડ પર કોઈપણ વ્યાજબી અને યોગ્ય કારણ ના હોય, આરોપીની ગેરહાજરી માત્રના કારણથી

કેસની કાર્યવાહી સ્થગીત કરી, ચુકાદો મુલત્વી રાખવો અત્રેની કોર્ટને ન્યાયોચિત જણાતુ નથી.

(૧૪.૧) અધિનીયમની કલમ–૧૩૮ ની જોગવાઈ ધ્યાને લેતા, આરોપીને ૨ વર્ષ સુધીની સજા અથવા ચેકની બમણી રકમ સુધીનો દંડ અથવા બંને પ્રકારની સજા કરી શકાય તેવી જોગવાઈ છે.

**નામ.સર્વોચ્ચ અદાલતના આર. વિજયન વિરુધ્ધ બેબી, ૨૦૧૧, જે.ટી.(૧૩) ૩૯૧** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ આ પ્રકારના કેસમાં ફરીયાદીને યોગ્ય વળતર આપવુ જોઈએ કે, જેથી તેઓને યોગ્ય વળતર મેળવવા માટે અન્ય ન્યાયિક પ્રક્રિયાનો સહારો ન લેવો પડે. આ ઉપરાંત તે હકીકત પણ ધ્યાનમાં રાખવી યોગ્ય અને વ્યાજબી છે કે આ પ્રકારના કેસ ચાલતા જે સમય પસાર થાય તેમાં દિવાની કાર્યવાહી અથવા તો દિવાની સમય મર્યાદા પણ વિતી જતી હોય છે અને તે સંજોગોમાં ફરીયાદી પાસે યોગ્ય વિકલ્પ પણ આવી રકમ વસુલ કરવા માટે રહેતો નથી. આમ, આ કેસની તમામ હકીકતો નામ. સર્વોચ્ચ અદાલત ધ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ આરોપી વિરુધ્ધ કલમ ૧૩૮ મુજબનો ગુનો નિશંકપણે પુરવાર થયેલ હોય તે હકીકત ધ્યાને લેતા, અત્રેની અદાલતને ફરીયાદીને યોગ્ય વળતર આપવાનો હુકમ કરવો પણ વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે. પરીણામે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–// આખરી હુકમ //–</u>**

(૧) ફોજદારી કાર્યરીતી સંહીતા–૧૯૭૩ની કલમ–૨૫૫(૨)ની જોગવાઈ અન્વયે આરોપી મિલનસિંહ કેશુભા જાડેજા, રહે.ઉ.વ.પુખ્ત, ધર્મે–હિન્દુ, રે. પ્લોટ નં.૧૧૦, ડી, લાખાવડ, સુભાષનગર, ઘોઘા જકાતનાકા, જી.ભાવનગરનાઓને ધી નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ– ૧૩૮ મુજબ ના ગુનામા તકસીરવાન ઠરાવવામા આવે છે અને છ (૬) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

(૨) ક્રિ.પ્રો.કો.કલમ–૧૯૭૩ ની કલમ–૩૫૭(૩) ની જોગવાઈ અન્વયે આરોપીએ ફરીયાદીને કુલ રૂા.૯,૨૬,૪૩૪/–(અંકે રુપીયા નવ લાખ છવ્વીસ હજાર ચારસો ચોત્રીસ પુરા) વળતર પેટે આ હુકમની તારીખથી એક માસમા ચુકવી આપવાનો હુકમ કરવામા આવે છે, જો આરોપી વળતરની રકમ ચુકવવામા કસુર કરે તો આરોપીએ વધુ ૦૧ માસની સાદી કેદ ભોગવવાની રહેશે.

(૩) વધુમાં, આજરોજ આરોપી કોર્ટ સમક્ષ હાજર નથી ત્યારે ફોજદારી કાર્યરીતી સંહીતા કલમ–૪૧૮(૨) અન્વયે આરોપી વિરુધ્ધ સજા હુકમની અમલવારી માટે કલમ–૭૦ અન્વયે બિનજામીનપાત્ર વોરંટ ઈસ્યુ કરવા હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૨૪/૦૫/૨૦૨૩
સ્થળ–ભાવનગર.

**( દર્શન જે. પ્રજાપતિ )**
**૭**માં એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
ભાવનગર.
(જજ કોડ નં. GJ00882)

એ.બી.મકવાણા